॥ओ३म्॥

भगवान श्रीकृष्ण चरित्र

મહર્ષિ દયાનંદ સરસ્વતી,
[illegible] આદિત્ય[illegible] બંકિમચંદ્ર,
રાવ બા૦ ચિન્તામણ વૈદ્ય,
લોકમાન્ય તિલક, [illegible]વેદી,
વિદ્વાનોના
[illegible]તના અવલોકનને આધારે

લેખક:

स्वामी ब्रह्मानन्द सरस्वती

“આર્ય[illegible]બોધ”, “[illegible]રત્નાવલિ”,
“[illegible]તા તત્ત્વબોધ” [illegible] લેખક.

प्रकाशक

चम्पालाल शर्मा

વિક્રમ સંવત	પ્રથમાવૃત્તિ	ઈસ્વી સન
૧૯૮૫	૧[illegible]	૧૯૨૮
કિંમત	૦-૧-૦	એક આનો

[illegible]

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन

તું નિષ્કામભાવે કર્મ કરનાર થા. આની [illegible] નહિ.

ગી. અ. ૨. શ્લો. ૪૭.

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ।
[illegible]॥

[illegible]

[illegible]

ગી. અ. ૨. શ્લો. ૩૮.

यज्ञार्थात् कर्मणोऽन्यत्र लोकोऽयं कर्म बन्धनः।

[illegible] હોવાં છતાં [illegible]
[illegible] થાય છે.
[illegible] કરવાં પડે છે.

પ્રસ્તાવના

પરમેશ્વરને આપણે ભગવાન કહીએ છીએ; કેમકે તે ભગ=ઐશ્વર્ય-વૈરાગ્ય. શ્રી=સૌન્દર્ય વગેરે ૬ ગુણોથી યુક્ત છે. તેજ પ્રમાણે ઐશ્વર્ય, તપ, જ્ઞાન વગેરે ગુણોથી શ્રીકૃષ્ણજી યુક્ત હતા. તેથી તેઓને શ્રી૦ ૧૦૮ લખ્યા છે.

મહાભારતમાં તેમના જીવનના મહાન પ્રસંગો વર્ણવેલા છે. તે સિવાય ભાગવતપુરાણ કે જે છેલ્લું વેદવ્યાસજીએ રચેલું છે એમ કહેવાય છે. (કેટલાક પંડિતો તેને આજથી દોઢસો વર્ષ ઉપર થએલા બોપદેવ કવિનું રચેલું છે એમ ખાત્રી પૂર્વક જણાવે છે.) ભાગવત એ ખાસ શ્રીકૃષ્ણજીનો ભક્તિપોષક ગ્રંથ છે. તેમાં તેમના જીવનના બાળપણના ચરિત્રોનું વર્ણન સુંદર રીતે કરેલું મળી આવે છે. તે સિવાય હરિવંશમાં પણ તેમના જીવનનું વર્ણન છે.

વિષ્ણુપુરાણ કે જે બીજા પુરાણોને મુકાબલે યુરોપિયનોના મત મુજબ પ્રાચીન સિદ્ધ થએલું છે, તેમાં પણ તેમને વિષ્ણુ(સૂર્ય)ના અંશ તરીકે વર્ણવેલા છે.

પદ્મપુરાણમાં પણ તેમની ભક્તિ-બોધક વર્ણન મળી આવે છે.

તે સિવાય સંસ્કૃત કાવ્યો, નાટકો તથા બીજા સાહિત્યમાં તેમના સંબંધમાં કંઇને કંઇ કથા તો ખરીજ.

જયદેવ કવિએ તેમના અને રાધા(?)ના પ્રેમના વર્ણનથી પૂર અને ભક્તિ તથા શ્રૃંગારરસની છોળ વડે હૃદયને નવડાવી નાંખે તેવી રસિક કવિતા (ગીતગોવિંદ) રચી છે. તેમજ બંગાળી, મરાઠી, ગુજરાતી, વ્રજભાષા તથા બીજી અનેક ભાષાઓમાં કવિઓએ જુદી જુદી કવિતા તથા કાવ્યો ખાસ કરીને શ્રૃંગારરસથી મસ્ત રચ્યાં છે.

પરંતુ તે સર્વે ગ્રંથોમાં વાસ્તવિક રીતે જોતાં ઇતિહાસિક તત્વ ઘણું ઓછું છે....

ત્યારે શું લખવું? જે હકીકત વિશ્વાસપાત્ર જણાય તે.

૧ મહાભારતના સંબંધમાં સ્વામી દયાનંદ સરસ્વતીજીએ જે મુદ્દાની વાત કહી છે તે. અર્થાત્ મૂળ મહાભારત વેદવ્યાસજીએ રચેલું તે ૨૪૦૦૦ શ્લોકનું હતું. બાકીના શ્લોકો કાળાન્તરે બીજા લેખકોના સંગ્રહથી થએલા છે.

૨ બાબુ બંકીમચન્દ્ર (બંગ સાહિત્યના પ્રખર વિદ્વાન) શ્રીકૃષ્ણ ચરિત્ર લખેલું છે. તેમાં તેમણે મહાભારતની સમાલોચના પણ કરી છે તે ઉપરથી.

૩ લોકમાન્ય (સદ્ગત) બાલ ગંગાધર ટિળક મહારાજે ભગવદ્ગીતા અને કર્મયોગ નામનું પ્રસિદ્ધ પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે મહાભારતના સંબંધમાં વિવેચન કર્યું છે.

૪ મી. ચીંતામણ વૈદ્ય, એમ. એ. એલએલ. બી., તેમણે મહાભારતની સમાલોચના નામનો ગ્રંથ અંગ્રેજીમાં લખ્યો છે તે વગેરે સર્વ કથાઓનું અવલોકન કર્યા પછી જે કંઇ વિશ્વાસપાત્ર લેખી શકાય તે લખવાનું સાહસ કર્યું છે. આપણે મહાભારતને આધારે જ હવે તેમના ચરિત્રનું વર્ણન કરીશું.

શ્રીકૃષ્ણ ચરિત્રની ગંભીરતા આગળ અમારો આ પ્રયાસ અલ્પ છે. તેમાં ક્ષતિ જણાય તો વિદ્વાનો તે સુધારી લેશે એવી આશા છે.

આર્યસમાજ મંદિર,
આણંદ
તા. ૨૫-૮-૩૧

લિ.
સ્વામી બ્રહ્માનંદ સરસ્વતી



શ્રીકૃષ્ણ ચરિત્ર

શ્રાવણ માસની વદિ ૮ને દિને આખા ભારતવર્ષમાં આર્યપ્રજા મોટો ઉત્સવ ઉજવે છે; જેને જન્માષ્ટમી અથવા ગોકળઆઠમ કહે છે. એજ દિવસે—આજથી આશરે પાંચ હજાર વર્ષ અગાઉ આ મહાપુરુષનો જન્મ મથુરામાં થએલો, અને ગોકુળમાં તેમને લાવવામાં આવ્યા તેથી તે ઉત્સવના દિનને ગોકુળઆઠમ પણ કહે છે. પરંતુ સંસ્કૃતમાં પંડિતો આ પર્વને શ્રીકૃષ્ણ જયંતિ તરીકે ઓળખાવે છે.

આ જગતમાં અનેક મોટા રાજામહારાજાઓ થઈ ગયા છે. તેમને કોઇ કેમ યાદ કરતું નથી. અને કૃષ્ણની જયંતિ ઉજવાય છે? તેનું કારણ તેમનો અલૌકિક પ્રભાવ જ છે.

તેમના પિતાનું નામ વસુદેવ અને માતાનું નામ દેવકી હતું. તેઓએ અનેક વર્ષો લગી પરમાત્માની ઉપાસના અને તપ કર્યું હતું. તેનાજ પ્રભાવે આવા ભાગ્યશાળી પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતી. તેમના મોટાભાઇનું નામ બળરામ હતું.

બ્રહ્મચર્ય અને યોગાભ્યાસને લીધે તેમનામાં અલૌકિક સામર્થ્ય પ્રગટયું હતું. તેમનામાં અસાધારણ બુદ્ધિ, ધીરજ, સમયસૂચકતા, ઉદ્યોગ અને વિદ્યા પણ હતાં. તેમનો પ્રતાપ ઉગ્ર હતો. તેમની ચતુરાઇ તથા વકૃત્વ તેમજ ગુણ પણ શ્રેષ્ટ હતાં.

મહાભારત એ કૌરવ-પાંડવોનો ઇતિહાસ છે. તેમાં શ્રીકૃષ્ણજીના જીવનની સમગ્ર ઘટનાઓ ન આવે તે સ્વાભાવિક છે. તેમ છતાં પાંડવો અને કૌરવોની સાથેનો તેમનો સગપણનો સંબંધ તથા અર્જુન વગેરે સાથેની તેમની નિષ્કપટથી ભરેલી સાચી મિત્રતા તેમજ તેમનું રાજકીય દૃષ્ટિએ મહત્વ એટલાં બધાં છે કે મહાભારતમાંથી જો તેમનું નામ કહાડી લઇએ તો પાયા વગર જેમ ઇમારત તૂટી જાય, તેમ તેનો દરેક ભાગ નકામો થઇ જાય તેવી જ રીતે આખા ઇતિહાસના કકડા થઇ જાય. એટલે મહાભારતકારોએ પાંડવોનું ચરિત્ર વર્ણવતાં જેટલી કાળજી રાખી છે; તેથી વિશેષ કાળજી તેમને શ્રીકૃષ્ણજીનું ચરિત્ર આલેખવામાં રાખવી પડેલી છે. કારણ તેમના જીવનમાં દરેક જાતની વિવિધતા છે તેમ વિશેષતા પણ છે.

દ્રૌપદીસ્વયંવર વખતે જ્યારે પાંડવો દ્રુપદ રાજાના નગરમાં (લાક્ષાગૃહમાં આગ લાગવાથી જીવ લઇને નાસી આવેલા) આવી પહોંચે છે ત્યારે શ્રીકૃષ્ણજી પ્રથમ તેમને સ્વયંવર મંડપમાં ઓળખી કાઢે છે.

પછી ભાર્ગવ કર્મશાળામાં (કુંભારને ઘેર નહિ) જ્યાં યુધિષ્ઠિર ઉતર્યા હતા ત્યાં આવી તેમને મળે છે, અને માણસ, દ્રવ્ય, વાહન વગેરેની મદદ કરે છે. સગાં અને મિત્રોને

તેમના સંકટના પ્રસંગે નિસ્વાર્થભાવે, સહાય કરવાનું આ પહેલું દૃષ્ટાંત છે.

પાંડવો અને શ્રીકૃષ્ણજી ઘણા કાળ પછી મળેલા હોવાથી એકબીજાની ખબરઅંતર પૂછે છે. કંસના વધના સંબંધમાં જ્યારે યુધિષ્ઠિર પૂછે છે ત્યારે તેઓ કહે છે કે કંસ ઘણો જુલમ કરતો હતો તેથી બીજા યાદવોની સંમતિ તથા બળરામની સહાયથી તેને માર્યો.

ખાંડવ વનનો દાહ

પાંડવો લાક્ષાગૃહમાંથી સહીસલામત નીકળ્યા પછી દ્રુપદના નગરમાં આવ્યા. દ્રૌપદીને અર્જુન વર્યા. દ્રુપદરાજાએ તેમને પ્રસંગ આવ્યે સૈન્ય વગેરેથી સહાય કરવાનું વચન આપ્યું, તથા શ્રીકૃષ્ણજીની પણ મિત્રતા તથા સહાય મળી ને પાંડવોનો પક્ષ સબળ થયો.

હવે પાંડવોએ પોતાના પિતાના રાજ્યની માગણી કરી. પંચાત થઇ, અને છેવટે ઇન્દ્રપસ્થનું રાજ પાંડવોને મળ્યું. તે વખતે તે પ્રદેશમાં મોટું જંગલ હતું. તેનું નામ ખાંડવ વન હતું. શ્રીકૃષ્ણ અને અર્જુને મળી સંમતીથી તેને બાળી નંખાવ્યું હતું; પરંતુ કવિએ તે વાતને ખુબ અલંકારિક ભાષામાં વર્ણવેલી છે. પણ એ જ વનમાં પાછળથી વિશાળ નગરી નિર્માણ થઇ હોય અને તે જ કદાચ ઇન્દ્રપ્રસ્થ પણ બની હોય એમ સંભવે છે. એ વન અજમેર પાસેના પ્રદેશમાં હતું, એમ ધારવામાં આવે છે.

ઇંદ્રપ્રસ્થનું રાજ ધર્મરાજાએ પોતાના ૪ ભાઇઓની મદદથી ખુબ વધાર્યું, અને તેને સમૃદ્ધ કર્યું. આથી તેમને રાજસૂય યજ્ઞ કરવાનો વિચાર સૂઝયો.

રાજસૂય યજ્ઞ કરવો એ સહેલી વાત નથી, કેમકે સર્વે ક્ષત્રીઓમાં જે શિરોમણી હોય, તે જ આ યજ્ઞ કરી શકે, એવી પ્રાચીનકાળમાં પ્રથા હતી. ઘણા મિત્રો અને આશ્રિતોએ ધર્મરાજાની પ્રશંસા કરી, અને હા કહી; પરંતુ તેથી તેમને શાંતિ વળી નહિ, ત્યારે તેમણે શ્રીકૃષ્ણજીની સલાહ લેવાનું દુરસ્ત ધાર્યું, તેમજ તે કાર્ય માટે સહદેવને ખાસ સંદેશો આપી મોકલ્યા, અને સાથે સાથે ઇન્દ્રપ્રસ્થ આવવાનું આમંત્રણ કર્યું.

શ્રીકૃષ્ણજીએ ત્યાં પધારીને કહ્યું કે, જ્યાંસુધી જરાસંધ-મગધ દેશનો રાજા-સમોવડીઓ બેઠો છે તેમજ તેણે અનેક રાજપુત્રોને કેદ કર્યા છે, તેમને જ્યાંસુધી તમે છોડાવો નહિ, ત્યાંસુધી તમને રાજસૂય યજ્ઞ કરવાનો અધિકાર નથી. એ વાત સાંભળી ધર્મરાજા વિચારમાં પડી ગયા. જરાસંધ જેવા જબરા રાજાની સાથે વિગ્રહ આરંભી જીતવો એ ઘણું વિકટ કામ છે, તેમજ લાખો વીરોનો નાહકનો સંહાર થાય, તે વાત ધર્મરાજાને સંમત નહોતી.

પછી સલાહ થઇ કે અર્જુન, ભીમ તથા તેમની સાથે શ્રીકૃષ્ણજીએ બ્રાહ્મણના વેષમાં જવું, અને જરાસંધ પાસે મલ્લયુદ્ધની માગણી કરવી. તે મુજબ શ્રીકૃષ્ણ તથા ભીમ અને અર્જુન ગયા, ને માગણી કરી. ભીમ સાથે યુદ્ધ થયું, અને જરાસંધ મૂઓ. બીજા રાજાને છુટા કર્યા, તથા તેમને યુધિષ્ઠિરના યજ્ઞ વખતે પધારવાની માગણી કરી. નિ:સ્વાર્થ પ્રીતિ તે એનું નામ. આત્મબળનું પણ આ ઉત્તમ ઉદાહરણ છે.

રાજસૂયયજ્ઞ વખતે તેમણે યજ્ઞની રક્ષા કરવાનો ભાર પોતાને માથે લીધો હતો, તેમજ રાજામહારાજા તથા ઋષિ-

મુનિઓનું સ્વાગત વગેરેનું કામ પણ તેઓ નિષ્કામભાવે બજાવતા હતા.

રાજસૂયયજ્ઞમાં પ્રથમ સર્વશ્રેષ્ઠ ક્ષત્રિયનું પૂજન થતું હતું. ભિષ્મ જેવા રાજનીતિજ્ઞ, અને અનુભવી તેમજ શૂરવીર વૃદ્ધ પુરુષે અર્ઘ્યપૂજાનું માન શ્રીકૃષ્ણજીને આપવાની સૂચના કરી. મહાભારતમાંનો એ પ્રસંગ ઘણોજ રસિક તેમજ બોધદાયક અને વાંચવા જેવો છે.

ક્ષાત્રતેજ, બળ, જ્ઞાન, તપ, વ્યવહારકુશળતા, ઐશ્વર્ય વગેરે અનેક ગુણોમાં શ્રીકૃષ્ણજી સર્વે ક્ષત્રિય રાજાઓમાં શ્રેષ્ઠ છે; માટે તેમનું પ્રથમ પૂજન થવું જોઇએ એવું તેમણે સ્પષ્ટ કહ્યું હતું. દુર્યોધનના પક્ષના બીજા રાજાઓને તેમજ ચેદીના રાજા શિશુપાળને તે વાત પસંદ પડી નહિ, કારણકે શ્રીકૃષ્ણને તેઓ પોતાના શત્રુ સમજતા હતા. તેમણે ભરસભામાં શ્રીકૃષ્ણજીની વિરૂદ્ધ ઘણો બડબડાટ કર્યો અને શિશુપાળે અપમાનકારક શબ્દો પણ કહ્યા. છેવટે શિશુપાળનો શિરચ્છેદ કર્યો. આવી કથા છે. પછી યજ્ઞનું કામ નિર્વિઘ્ને સમાપ્ત થયું. યજ્ઞમાં અર્ઘ્યપૂજા તો શ્રીકૃષ્ણજીની જ કરવામાં આવી. શિશુપાળે શ્રીકૃષ્ણજીના ઘણા અપરાધો કર્યા હતા; પણ તેમને ક્ષમા આપી કેમકે તે સગો હતો. ક્ષમાની પણ હદ હોય છે. છેવટે તેને અપરાધનું ફળ મળ્યું. મહાભારતમાં શિશુપાળે જે જે અપશબ્દો કહેલા તેમાં શ્રીકૃષ્ણને ૧૬૧૦૮ **સ્ત્રી હોવા બાબતનો ઉલ્લેખ નથી.**

ભીષ્મજીએ તેમને અર્ઘ્યપૂજાનું માન આપવા માટે જે જે કારણો આપેલાં તેમાં ક્ષત્રિયત્વમાં–બળ, પરાક્રમ, ઐશ્વર્ય, ધૈર્ય વગેરે ગુણોમાં તેઓ શ્રેષ્ઠ છે. વળી તેઓ

સ્વતંત્ર રાજા છે. વળી બ્રહ્મત્વમાં પણ શ્રેષ્ઠ છે. વેદ વેત્તાઓમાં તેમજ યોગતત્વવિદ અને જ્ઞાનાદિ ગુણોમાં શ્રેષ્ઠ છે, માટે તેમને અર્ધ્યપૂજા પ્રથમ આપવી જોઇએ એમ કહ્યું છે.

તેમણે જ યજ્ઞની સમાપ્તિ પર્યન્ત યજ્ઞની રક્ષા કરવાનો ભાર (વ્રત) લીધુ હતું, તેમજ જે જે દૂર દૂર દેશથી જ્ઞાની, તપસ્વી ઋષિઓ તેમજ રાજામહારાજાઓ આવે તેમનું સ્વાગત અર્થાત્ આદર–આતિથ્ય કરવાનું કામ માથે લીધું હતું અર્થાત સર્વ પ્રકારની વ્યવસ્થાનો ભાર તેમના ઉપર જ હતો.

સત્ય અને ધર્મ વડે ધન પ્રાપ્ત કરી, આવા પ્રકારના યજ્ઞોમાં તેને વ્યય કરવાની પ્રાચીન કાળે પ્રથા હતી, અને તે વૈદિક પ્રથા જ છે, અને એમાં પશુહિંસાને કશું સ્થાન જ નથી. ગીતામાં જણાવ્યા પ્રમાણે પોતે પણ નિત્ય યજ્ઞ કરતા હતા.

રૂક્ષ્મણી હરણ:—શ્રીકૃષ્ણજીની અનેક સ્ત્રીઓ: શિવપુરાણમાં લખ્યા મુજબ.

शिवपुराणः—

ब्रह्मचर्यं महद् घोरं तीर्त्वा द्वादश वार्षिकानं ।
हिमवत पार्श्वमास्थाय योपवा तपसार्जित ॥
समान व्रत चारिण्यां रुक्मण्यां योन्वजाय ते ।
सुनू कुमार स्तेजस्वी प्रद्युम्नो नामामे सुतः ॥

ભાવાર્થ—શ્રીકૃષ્ણજીએ ૧૦ વર્ષ લગી હિમાલયમાં જઇને ઉગ્રપણે તપ કર્યું હતું, અને દૈવી સંપત પ્રાપ્ત કરી હતી, અને શમ, દમ આદિ ષડ સંપત્તિ વડે મુમુક્ષુત્વ પ્રાપ્ત કરી બ્રહ્મમાં નિશ્ચળ મતિ–નિષ્ટા પ્રાપ્ત કરી હતી. તેથી પરમાર્થ પ્રથમ સાધી અને લોકહિત માટે નિષ્કામ

ભાવે સાંસારિક પ્રવૃત્તિ કરતા હતા. તે જ વાત આપણને છાંદોગ્ય ઉપનિષદ્‌માં પણ મળે છે કે આંગિરસ ઘોર ઋષિની પાસે તેમણે (દેવકીપુત્ર કૃષ્ણે) આધ્યાત્મવિદ્યા–બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરી હતી, અને તેના પ્રભાવે સર્વ ઐહિક કામનાઓથી (નિષ્કામ) પર થયા હતા.

ભગવદ્‌ગીતામાં પણ છેલ્લા શ્લોકમાં " **यत्र योगेश्वर कृष्णा** " યોગીઓમાં ઈશ્વર–શ્રેષ્ઠ યોગી કહ્યા છે. સંજયનું એ વાક્ય છે–અર્થાત્ વેદવ્યાસજીએ જ તેમને શ્રેષ્ટ પંક્તિના યોગી કહ્યા છે, એમ સિદ્ધ થાય છે. મહાભારતમાં પણ પૂર્વાશ્રમમાં નર અને નારાયણ–શ્રીકૃષ્ણ તથા અર્જુનની તપસ્વી જોડી વર્ણવેલી છે.

તપ કર્યા પછી તેમણે પોતાના સ્વભાવને અનુકૂળ આવે તેવી રૂપ અને ગુણથી યુકત એવી રૂક્મિણીની સાથે લગ્ન કર્યું હતું. રૂક્મિણીની સાચી પ્રીતિ શ્રીકૃષ્ણ ઉપર હતી. તેમ તેણે પત્ર પણ લખેલો. અને મદદ માગેલી હતી. રૂકમાંગદ જે રૂક્મિણીના પિતા હતા તે તથા તેના ભાઈ રૂકમૈયાની મરજી તેને બીજે કોઈને પરણાવવાની હતી.

"**દીકરીને ગાય જ્યાં દોરે ત્યાં જાય.**" આ કહેતી છે. તે આર્ય પ્રજાની પરાધીન દશામાં જ ઉદ્‌ભવેલી જણાય છે.

પ્રાચીન કાળમાં સ્વયંવર–સ્ત્રીએ પોતાનો લાયક પતિ પસંદ કરવાની પ્રથા હતી તે જ બતાવે છે કે સ્ત્રીઓને ઘણી બાબતમાં મુખ્યત્વે લગ્નની બાબતમાં સ્વાતંત્ર્ય હતું. " **स्वातन्त्रेण स्वातन्त्र्येमर्हति** " અર્થાત્ સ્વતંત્રતા–(સ્વ–નીજ–પંડ–જાત) તંત્ર–(વ્યવસ્થા–કાર્યપદ્ધતિ–વિચારપૂર્વક

નિશ્ચય કરી, કાર્ય આરંભી આવતા વિઘ્નોને વિદારી, સાધ્યને સિદ્ધ કરવાની રીત) નાની નાની બાબતોની જવાબદારી ધારણ કરી તેને બરાબર બજાવવાથી જ મહાન બાબતોની જવાબદારીનો ભાર વહન કરવાની લાયકાત આવે છે, અને તે જ્યારે પૂર્ણ રીતે બજાવાય ત્યારે જ આત્મિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત થઈ શકે છે. એ ન્યાયે વ્યક્તિનું સ્વાતંત્ર્ય અને સમાજસ્વાતંત્ર્ય તેમજ રાષ્ટ્રસ્વાતંત્ર્યનો વિચાર કરવાનો છે.

વ્યક્તિ એ સમાજનું અંગ છે. ઘણી વ્યક્તિ મળીને સમાજ થાય છે. જ્યાં સુધી સમાજ વ્યક્તિનું હિત સાધતો હોય, ત્યાં સુધી સમાજનું ઉપયોગીપણું છે. જ્યારે સમાજ વ્યક્તિના વિકાસની આડે આવે ત્યારે તે સમાજના નિયમોમાં ફેરફાર કરવાની અગર તેની પુનર્રચના કરવાની જરૂર પડે છે. અંતે તેનો નાશ કરવાનું જરૂરી જણાય તો તે પણ થાય છે.

રાષ્ટ્ર એટલે જુદાજુદા વિચાર ધરાવનારા સમાજો જ્યારે પ્રજામાં ફેલાયેલા હોય અને પ્રસંગ આવે તે દરેકના સ્વાર્થો એકબીજાની સામે આવીને અટકાતા હોય, ત્યારે નિશ્ચિત સિદ્ધાંત વડે કહો કે ન્યાય અથવા ધર્મ વડે કે સત્ય વડે, નિર્બળથી માંડીને બળવત્તર પક્ષ સુધી કોઈ પણ પક્ષનું રક્ષણ કરનાર સર્વોપરી સત્તા, અને એ સત્તાને પોતાના નિર્ણયનો અમલ કરાવવા માટે—

સામ=ધર્મ, દષ્ટાંત. ઉપદેશદ્વારા શાંતિ કરાવવાની સત્તા.

દામ=દ્રવ્યાદિ સમજાવી અગર દુષ્પરિણામ દાખવી લલચાવી સુકાર્યમાં વાળવાની સત્તા.

ભેદ=પરસ્પર વિચાર, વિરોધ ઉત્પન્ન કરી અન્યાયી પક્ષમાં ભેદ ઉત્પન્ન કરનાર સત્તા અગર સાધન.

દંડ=શારીરિક શિક્ષા, માનસિક તિરસ્કાર અગર સમાજમાં અપ્રતિષ્ઠા કરાવવાની તથા જબરજસ્ત પક્ષ હોય તો તેની સામે સત્યની ખાતર યુદ્ધ કરી અધર્મી અને અન્યાયી—પાપીઓનો નાશ કરવાની સત્તા પણ હોય છે.

આ ચારે પ્રકારની સત્તા વાપરી શકે તેવી કદાચ એક વ્યક્તિ હોય અથવા સભા પણ હોય છે, અને તેની પાછળ પીઠબળ તરીકે સમાજના વિચારોનું મતબળ ચાલે છે.

શ્રીકૃષ્ણનું જીવન અન્યાયીઓનો પ્રતિકાર કરવામાં, અધર્મીઓને દંડ દેવામાં, તેમજ ભદ્ર અને ધર્માત્મા પુરુષોના રક્ષણ માટેનાં કાર્ય કરવામાં વ્યતિત થયું છે. તેમણે અન્યાયીઓનો પ્રતિકાર કરવામાં જાનની પણ દરકાર કરી નથી.

રુકિમણીની ઈચ્છા શ્રીકૃષ્ણજીને વરવાની હતી, એટલે તેનું હરણ કરેલું એમ માનીએ તો તેજ ન્યાયે આપણને સોભદ્રાહરણનો પ્રસંગ પણ યાદ આવ્યા વગર રહેતો નથી. તે વખતે તેમણે જે મુદ્દા ઉપર વિવેચન કરી મોટાભાઈ બળદેવજીનું મન શાન્ત કર્યું; તે અત્યારે પણ ગૃહસ્થીઓ અને દીકરીના બાપાઓએ ખાસ

વિચારવા જેવી વાત છે. જ્યાં જ્યાં અન્યાય અગર અધર્મ પ્રવર્તતો હોય ત્યાં ત્યાં તેનો પ્રતિકાર કરવો એ ક્ષત્રિઓનું કર્તવ્ય છે, અને તે જ સાચું ક્ષત્રિયત્વ છે. જો રાજા અન્યાયી રીતે વર્તતો હોય, તો તેનો નાશ કરવો એ નીતિ **કંસના વધથી** જાણીએ છીએ. તેમજ તેનો પક્ષ કરી લડનારની પણ તેવી જ ગતિ થાય છે, તે પણ અનેક દુષ્ટોનો તેમણે સંહાર કર્યો તે કૃત્ય વડે આપણે જાણીએ છીએ. વળી જરાસંધના વધ માટે પોતે જાતે ત્યાં ગયા તે હિંમત પ્રશંસનીય છે. પાંડવ–કૌરવો બંને સમાન સગપણના સંબંધથી જોડાએલા હતા; તેમજ પાંડવોનો પક્ષ સત્ય હતો, છતાં પોતાના સંબંધી કૌરવોનો પોતાને હાથે નાશ ન કરવાને ખાતર તો તેમણે શસ્ત્ર ગ્રહણ કર્યાં જ નહિ અને જાનનું જોખમ પણ ખેડી લીધું.

દ્રૌપદી વસ્ત્રાભરણ

પાંડવો દ્યુતમાં રાજપાટ અને દ્રૌપદીને હારી ગયા. એટલે દુર્યોધને મદમાં આવી દ્રૌપદીને ભર સભામાં બળપૂર્વક ખેંચી મંગાવી.

ભીષ્મ, દ્રોણ, વિદુર જેવા વૃદ્ધો પણ તે કૃત્યનો અટકાવ કરી શક્યા નહિ, કેમકે તે **અર્થ વડે કૌરવોથી રક્ષાયલા હતા.** એટલે દ્રૌપદીની રક્ષા પાંડવોથી તો થઈ શકી જ નહોતી, કેમકે તેઓ તો હારીને દાસભાવને પ્રાપ્ત થયા હતા, ત્યારે સતીના સતની રક્ષા કરે કોણ ?

શ્રીકૃષ્ણજી જેવા પાંડવો ને કૌરવોની દ્યુતની વાત ન જાણે તે કલ્પી શકાય જ નહિ. કોઈ પણ પ્રસંગે જુલમનો પ્રતિકાર કરવો તે તેમના જીવનનું પરમ કર્તવ્ય હતું. તેથી તેઓએ જ તે પ્રસંગે દ્રૌપદીની રક્ષા કરી હતી. સભામાં તેમનો પ્રભાવ જોઈને બીજા શરમાઈ ગયા અને અધમ કૃત્ય કરતાં અટક્યા હતા એ નિર્વિવાદ વાત છે.

ભાગવતમાં લખ્યા પ્રમાણે નાની વયમાં જ બળરામની મદદથી તેમણે કંસનો વધ કર્યો. કંસ શ્રીકૃષ્ણજીના મામા હતા; પરંતુ તેમનું રાજ્યશાસન જુલમી હતું. ઔરંગઝેબની પેઠે પોતાના પિતા ઉગ્રસેન જાદવને ગાદી પરથી ઉઠાડી મૂકી પોતે રાજા થયો હતો.

'જૈસેકું તૈસે મીલે' તેમ જુલમગાર શાસકોને જુલમગારો સાથે જ વધારે મેળ ખાય છે. મગધરાજ જરાસંધની કુંવરી કંસને આપી હતી. એટલે કંસના નાશ પછી તેમને જરાસંધ સાથે પણ વેર બંધાયું હતું. તેમજ મગધરાજની પ્રેરણાથી કાળયવન નામનો બીજો રાજા પણ મથુરા ઉપર ચઢાઈ કરી વારેવારે હેરાન કરતો હતો. તેથી શ્રીકૃષ્ણજીએ દક્ષિણમાં આવી કાઠિયાવાડની પશ્ચિમે દ્વારકામાં આવીને રાજગાદી સ્થાપી અને (હાલ જેને કાઠિયાવાડ કહીએ છીએ તેને તે કાળે સુરાષ્ટ્ર—ઉત્તમ રાષ્ટ્ર—રાજ્ય કહેતા તે સ્થાપી) તેને આબાદ કર્યું. આજુબાજુના રાજામહારાજાઓની સાથે

સંધી, કોઇ સાથે વિગ્રહ, કોઇ સાથે ચઢાઇ કરી ઉત્તમ રીતે રાજ્યને વધારી આબાદ કર્યું અને કળા-કૌશલ્ય તથા વેપાર વડે આબાદ કર્યું.

નકશામાં જોશો તો દ્વારકાથી બરાબર ૫૦૦ માઇલ પશ્ચિમે અરબસ્તાનનો કિનારો આવ્યો છે. તે રસ્તેથી લાલ સમુદ્રમાં થઇ સુએઝની સંયોગીભૂમિ (હાલ તે કેનાલ છે-સામુદ્રધૂની) ત્યાંથી આફ્રિકા જવાય છે. તે તરફ તેમજ દક્ષિણમાં લંકા, અને ત્યાંથી બીજા પ્રદેશમાં હિંદુસ્તાનનો વહાણવટાનો વેપાર ચાલતો હતો, તેને આબાદ કર્યો, અને તે વડે દ્વારકા નગરીને સુવર્ણપૂરીની ઉપમા મળી અને દ્વારકાના રાજા દ્વારકાધીશ થયા. શ્રીકૃષ્ણજીનું વ્યક્તિત્વ ઘણું મહાન હતું. તેથી જ મહાભારતના થનારા ભાવિયુદ્ધ માટે પાંડવો તરફથી અર્જુન અને કૌરવો તરફથી ખુદ મહારાજા દુર્યોધન જાતે જ મદદ માટે પ્રાર્થના કરવા આવ્યા હતા.

છેવટે તેમણે ક્ષાત્રધર્મને અનુકૂળ રીતે કહ્યું કે એક બાજુએ નિઃશસ્ત્ર હું, અને બીજી બાજુએ ૧૦૦૦૦ સૈન્ય સહિત એક સુભટ, એમ બેમાંથી જેને જે જોઇએ તે માગે. પ્રથમ પસંદગી અર્જુન કરે. અર્જુને નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણની માગણી કરી. દુર્યોધન યાદવ સૈન્ય લેઇને રાજી થયો. તેના મનમાં હતું કે દશ હજારના સૈન્ય સાથે લડવાનું એકલા શ્રીકૃષ્ણનું કશું જ ગજું નથી. તેના ભાગ્યે જ તેને ભુલાવેલો લાગે છે. કવિ કહે છે કે,

बुद्धि यस्य बलं तस्य निर्बुधेस्तु कुतो बलं ॥ જેની પાસે બુદ્ધિ છે તેજ બળવાન છે. નિર્બુદ્ધિ માણસનું બળ ઘણી વાર સફળ થતું નથી.

यदाऽश्रौषं कर्ण दुर्योधनाभ्याम् ।
बुद्धिं कृता निग्रह केशवस्य ॥
तंचात्मानं बहुधा दर्शयानम् ।
तदानाशंसे विजयाम सन्जय ॥

આ શ્લોક સંક્ષિપ્ત મહાભારતમાંનો ધૃતરાષ્ટ્ર અને સંજય વચ્ચે થએલી વાતચીત થઈ તે સમયનો છે.

"હે સંજય, જ્યારે કર્ણ અને દુર્યોધન વગેરેએ મળી, શ્રીકૃષ્ણજી વિષ્ટી માટે આવ્યા ત્યારે તેમને બાંધીવાન કરવાનો વિચાર કર્યો. તે વખતે તેમણે પોતાનું પરાક્રમ દાખવ્યું. ત્યારથીજ મેં વિજયની આશા છોડી દીધી છે.

यदाऽश्रौषं लोक हिताय कृष्णा ।
समर्थिन मुपयातं कुरुणाम् ॥
शमकुर्वाणमकृतार्थं चयातं ।
तदानाशंसे विजयाय संजय ॥

જ્યારે લોકહિતને માટે શ્રીકૃષ્ણ કૌરવોની સભામાં અર્થી તરીકે ગયા અને તેમની વિષ્ટી નિષ્ફળ નીવડી ત્યારથીજ હે સંજય, મેં વિજયની આશા મૂકી છે.

જેઓ બીજાનું બથાવી પાડે છે, તેઓને તે વસ્તુ સાચવવા માટે વધારે ખટપટ કરવી પડે છે, તથા પ્રપંચ

પણ રમવા પડે છે. જ્યારે દુર્યોધને કપટ કરી પ્રપંચ-દ્યુતમાં પાંડવોનું રાજ્ય પડાવી લીધું ત્યારથી જ તે ગુપ્ત દૂતો રાખતો હતો અને દરેક રાજ્યમાં તેના ડીટેકટીવ-ગુપ્તચરો તેમજ પ્રસિદ્ધ એલચીઓ રહેતા હતા.

જે દિવસે અર્જુન શ્રીકૃષ્ણ પાસે મદદ માગવા ગયો તેજ વખતે દુર્યોધનનું ત્યાં આવવું અકસ્માત રીતે નહોતું થયું; પણ તેને દૂતો મારફતે ખબર મળેલી. તેવીજ રીતે જ્યારે શ્રીકૃષ્ણજી પોતે પાંડવોની તરફથી વિષ્ટી કરવા માટે આવે છે, એમ જ્યારે ખબર મળી ત્યારે તેણે શ્રીકૃષ્ણજીના સ્વાગત માટે ઉત્તમ પ્રબંધ કર્યો હતો. અજાણતાં પણ જો કૌરવોનું સ્વાગત સ્વીકારાય તો પોતાનું નિષ્પક્ષપાતપણું રહે નહિ. તેથી તેમણે એક રથમાં બેસી આડે રસ્તે નીકળી જઈ હસ્તિનાપુરમાં પ્રવેશ કરી વિદુરને ત્યાં ઉતારો રાખ્યો.

હસ્તિનાપુરમાં પહોંચ્યા પછી તેઓ જુદા જુદા રાજાઓને મળી તેમજ રાજ્યોના પ્રતિનિધિઓને મળીને કૌરવોનું જુઠાણું પ્રગટ કરવું, તેમને શરમાવવા તથા કૌરવોની સહાય પણ ઓછી કરાવવી અને પરિણામે પાંડવોની સહાય વધારવી એ પણ વિષ્ટીકાર્યનો હેતુ હતો, અથવા અંગ હતું.

શેતરંજના ખેલાડીઓ સામા પક્ષના રાજાને તેમના જ ઘરમાં કેદ કરી લે અને સહાયક પ્યાદાઓને તથા વજીરને નકામા કરી મૂકે છે, તેમ કૌરવોના પ્રપંચો

તેમનાં જ કૃત્યથી ઉઘાડા પાડવા જોઇએ, તેથી જ્યારે તેમને કૌરવોની સભામાં જવાનું હતું ત્યારે પોતાની સાથે અનેક પ્રતિભાશાળી ઋષિમુનિઓને પણ તે સભામાં બીરાજવા તથા કૌરવોને સમજાવવા અગર શરમાવવાની દીર્ઘદૃષ્ટિ તેમણે વાપરી હતી.

યાદવોનું ૧૦ હજારનું લશ્કર સાત્યકી યાદવ કે જે અર્જુનનો શિષ્ય હતો અને વળી પોતાનો સગો હતો, તેની સરદારી નીચે હતું. તે પણ તે વખતે હસ્તિનાપુરમાં આવી પહોંચ્યું હતું.

દુર્યોધને જ્યારે શ્રીકૃષ્ણજીને પોતાના સગા હોવાથી ભોજનનું આમન્ત્રણ કર્યું, ત્યારે તેમણે કહ્યું કે મારે તમારી સાથે તેમજ પાંડવોની સાથે સરખો સમ્બન્ધ છે, અને તેથી મારા મનથી તો તમે સમાન જ છો. પરન્તુ એ પણ એટલું જ ચોકખું છે કે જે કોઇ મિત્ર હોય તે અગર અર્થી (નિરાશ્રિત–માંગણ) હોય તે બીજાને ત્યાં ભોજન કરે છે. જે કાર્યને માટે હું દૂત થઇ અત્રે આવ્યો છું, તે વિષ્ટીનું કાર્ય સફળ થશે ત્યારે આપણે સાથે ભોજન લેઇશું.

હસ્તિનાપુરમાં પાંડવો વિરૂદ્ધ કૌરવોની તરફથી એવી વાતો ફેલાવવામાં આવી હતી કે પાંડવો લક્ષ્મીના મદથી છકી ગયા હતા. માટે ઇંદ્રપસ્થમાં જુગાર રમી-રમીને હારી ગયા છે તે વાતનું શ્રીકૃષ્ણજીએ તેમની ભર સભામાં ખંડન કર્યું. તે વખતે તેમણે કહ્યું કે દ્યુત રમવા નું કહેણ તમે મોકલ્યું હતું. તેમજ દ્રૌપદીનો તમોએ

આબરૂ લીધી હતી. તે વખતે ભીષ્મ ને દ્રોણ જેવા કેમ ચૂપ બેસી રહેલા? તે અજાયબી છે, ધૃતરાષ્ટ્ર તો અંધ હતા.

જ્યારે દુર્યોધને છેવટે અર્ધરાજ્યને બદલે પાંચ ગામો પણ આપવાનું ના કહ્યું, અને કહ્યું કે યુદ્ધ વગર સોયની અણી જેટલી ભૂમિ પણ મળશે નહિ, ત્યારે સભામાં મોટી હો હો થઈ રહી. અને છેવટે કર્ણ, દુર્યોધન, દુઃશાસન અને શકુનિ વગેરેએ તેમને બંધીવાન કરવાનો પ્રપંચ કર્યો. તે વાત સાત્યકી જાણી ગયો અને પોતાની સેનાને સભાસ્થાનમાં વ્યૂહમાં ગોઠવી દીધી. દરેક કૌરવ પાસે યાદવ યોદ્ધો આવીને ખડો રહેલો જણાયો. અને દુર્યોધનનો પ્રયત્ન નિષ્ફળ ગયો. બીજાને બંધીવાન કરવા જતાં પોતે જ બંધીવાન થવાની સ્થિતિમાં આવી પડયા. ભાડુતી સૈન્યથી વિજય ન મળે. તે પછી તેઓ કુંતાને મળીને પાછા ફરી પાંડવોની તરફ આવ્યા.

તેમણે કૌરવોની ભર સભામાં કહ્યું કે હે ભરતવંશી રાજાઓ, વીર પુરુષોનો વિનાશ થયા વિના કૌરવ–પાંડવો વચ્ચે સલાહ થાય તેવી માગણી કરવા માટે હું અત્રે આવ્યો છું. હે શત્રુ–દમનરાજા તમારા હિતને માટે કંઈ વધારે કહેવાનું નથી; કારણ તમે બધું જાણો છો.

આજે સર્વ રાજાઓમાં કુરુકુળ શ્રેષ્ઠ છે. શાસ્ત્રજ્ઞાન તથા સદ્વર્તનથી સંપન્ન છે. સર્વ ગુણોથી ઝળકી રહ્યું છે. કુરુવંશીઓમાં પારકાના સુખને માટે વજ્રરૂપી દયા પારકાનાં

દુઃખ મટાડવા રૂપ કારૂણ્ય અને પારકાને દુઃખ ન આ-પવા રૂપી આનૃશંસ્ય, સરલતા, ક્ષમા અને સત્ય બીજા કરતાં વિશેષ છે.

આવા કુળમાં તમારા નિમિત્ત વિરૂદ્ધ વર્તન થાય તે ઠીક નહિ, માટે યુદ્ધ ન થાય તેમ કરવું જોઈએ. તમારા અસભ્ય, મર્યાદા વિનાના અને લોભને આધિન ચિત્ત-વાળા દુર્યોધન વગેરે પુત્રો ધર્મ તથા અર્થને પાછળ રાખી પોતાના મુખ્ય બંધુઓ સાથે ક્રૂર રીતે વર્તે છે. આ યુદ્ધરૂપી આપત્તિ કૌરવોમાં પ્રગટી છે, તેની જો તમે દરકાર નહિ કરો તો બંને પક્ષમાં શાંતિ થવી કઠીન છે.

તમે તમારા પુત્રોને મર્યાદામાં રાખો એટલે હું પાંડવોને મર્યાદામાં રાખીશ. તમારા પુત્રો તમારી (ધૃત-રાષ્ટ્રની) આજ્ઞા પાળે માટે સંધી સારૂં હું અત્રે આવ્યો છું. તમે વેરને નિષ્ફળ સમજી મૈત્રી કરો અને પાંડવો સાથે સંધી કરી ધર્માર્થ સેવન કરો. પાંડવોએ તમારી આજ્ઞાથી દુઃખ ભોગવ્યું છે. તમારા ઉપર વિશ્વાસ રાખ્યો છે. ૧૩ વર્ષ પછી તમે તેમને તેમનું રાજ્ય સોંપી દેઈ વચનનો ભંગ ન કરો.

શ્રીકૃષ્ણજીનું જીવન યોગાભ્યાસ તેમજ બ્રહ્મચર્યના પ્રભાવે ૧૨૦ વર્ષનું હતું, એવા લેખ મળે છે. તેમને પુષ્કળ સંપત્તિ તેમજ સુખ હતું. તેમનાં તપ, તેજ, સુંદરતા, પરાક્રમ, દીર્ઘદૃષ્ટિ, સર્વતોગામી બુદ્ધિ અને ક્રિયા-શક્તિને પરિણામે તેમજ લોકહિતની દૃષ્ટિ રાખી નિષ્કામ ભાવે કર્મ કરવાથી તેઓને ઇશ્વર કહેવામાં આવ્યા છે.

તેમને માટે ઉત્તમ પદ મનુષ્યોએ આપેલું આ જ કહી શકાય. પાછળથી તેમને અનેક સ્ત્રી(૧૬૧૦૮ અથવા ૮ પટરાણી)ઓ હોવાનું કલ્પવામાં આવ્યું છે. તેમ તેમના કંકાસો પણ વર્ણવવામાં કવિઓએ કશી કચાશ જ રાખી નથી. (સત્યભામાનું રૂષણું તથા મહાભારતમાં સત્ય-ભામાને દ્રૌપદીનો ઉપદેશ) વગેરે.

૮ પટરાણી બાબત જુદા જુદા પુરાણોમાં બધાંનાં એક સરખાં નામ મળતાં નથી. ભાગવતમાં ૧૬૧૦૮ની કલ્પના છે. કોઇ કોઇ વેદની શ્રુતિની કલ્પના પણ કહે છે. તથા રાધાનું નામ ભાગવતમાં જણાતું નથી. રાધાના લગ્નની વાત પણ નથી, પણ તે આવી પડેલી છે.

શ્રીકૃષ્ણજી અને સુદામા

બન્ને સાંદીપનિ ઋષિને ત્યાં ભણતા હતા. શ્રીકૃષ્ણજી બુદ્ધિમાન હતા. તેથી અલ્પ વયમાં તેમણે બધી વિદ્યા સંપાદન કરી. સુદામા વિદ્વાન તથા તપસ્વી અને નિર્લોભી બ્રાહ્મણ હતા. વિદ્યાના વ્યાસંગીઓ ઘણી વાર નિષ્કેંચન રહેવાનું પસંદ કરે છે અગર તેમને ગરીબી સેવવી પડે છે. સુદામા ગરીબ હતા. શ્રીકૃષ્ણજી જ્યારે દ્વારકાના મહારાજા થયા, ત્યારે તેમણે પોતાના બાલ-મિત્રને સારી મદદ કરી ખરો સ્નેહ દાખવ્યો; એવી વાત છે. નિષ્કામભાવે મિત્રધર્મ બજાવ્યો, તે દૃષ્ટાન્તો પણ લક્ષ્મીવાનોએ હમેશાં યાદ રાખવા જેવાં છે.

જરાસંધ જેવા સુભટ સાથે મલ્લયુદ્ધ કરવું ને

અનેક વીરોને પછાડવા તે તેમનું શરીરબળ હતું, અને ઉત્તમ વિદ્યાર્થીજીવન ગાળવું તે તેમજ ગુરુનું પ્રિય કરવું એ પણ તેમનું અનુકરણીય દૃષ્ટાંત છે.

અભિમન્યુનાં લગ્ન

પાંડવો તેરમે વરસે જ્યારે વિરાટનગર(હાલના અમદાવાદ જીલ્લાના ધોળકા પાસેના)માં ગુપ્તવાસ પુરો કર્યો ત્યારે તેમની પ્રસિદ્ધિ જાણતાં વિરાટે ઉત્તરા, અર્જુનપુત્ર અભિમન્યુને દીધી; ત્યારે બીજા રાજાઓ ભેગા શ્રીકૃષ્ણજી પણ ત્યાં ગએલા. તે વખતે પાંડવોએ ૧૩ વર્ષની વનવાસ તથા ગુપ્તવાસની શરત પૂરી કરી છે માટે તેમને તેમનું રાજ પાછું મળવું જોઇએ એવો પ્રશ્ન ઉઠેલો ત્યારે કેટલાક રાજાનો મત યુદ્ધ કરવાનો થયો હતો. શ્રીકૃષ્ણજીએ શામ ઉપાયો વડે જો કાર્ય ન થાય તો છેવટ સર્વ સમ્બન્ધી રાજાઓ જે નિર્ણય ઉપર આવે તે વાત છેલ્લે મને જણાવજો એમ કહી ત્યાંથી તેઓ પાછા ગએલા. તેથી તેમની નીતિ પણ વ્યક્ત થાય છે કે યુદ્ધ જેવો પ્રસંગ તો અનિવાર્ય હોય તો જ કરવાનો છે, અને બને ત્યાંસુધી તેવા પ્રસંગ ટાળવા ને છેવટે તો યુદ્ધ કરવાપણું જ હોય તો પાછા હઠવું નહિ. હંમેશાં ધર્મને સાથ દેવો, અધર્મને નહિ; એ પણ તેમની નીતિ હતી.

સૌભદ્રાહરણ

બળરામ શ્રીકૃષ્ણજીના મોટા ભાઇ હતા. યદુવંશીઓ સાથે પાંડવોનો તેમજ કૌરવોનો સરખો સગપણનો

સંબંધ હતો. બળરામની મરજી સૌભદ્રાનો સમ્બન્ધ મોટા રાજા સાથે બાંધવાનો હતો. કદાચ દુર્યોધન જેવો સમ્રાટ સૌભદ્રાનો સ્વીકાર કરે તો પોતાનો બેન પટરાણી થાય અને પોતાની લાગવગ વધે, તેમજ કુળની પણ આબરૂ વધે. વળી સારા ઠેકાણાનો સમ્બન્ધ મદદકર્તા થઈ પડે. આવા વિચાર બળરામ અને બીજા વડીલ યાદવોના હતા.

કૃષ્ણજીનો વિચાર તેથી જુદો જ હતો. પોતાની બેન સૌભદ્રા માટે યોગ્ય વર કયો છે તેજ તેમને જોવાનું હતું. તેમની દૃષ્ટિ અર્જુન ઉપર પડી હતી. કેમકે તે પોતે અસ્ત્રશસ્ત્ર વિદ્યામાં નિપૂણ અને શૂરવીર હતો. વળી રૂપવાન પણ હતો. સાથે ગુણવાન અને કળાભિજ્ઞ હતો.

પાંડવો વનમાં હતા તે દરમિયાન અર્જુન તીર્થ-યાત્રા કરતા કરતા દ્વારકામાં આવ્યા, અને સૌભદ્રા ને અર્જુનની અન્યોઅન્યની મનોભાવના જાણીને સૌભદ્રાને રથમાં બેસાડી લઈ જવાની અર્જુનને તક આપી. તેઓના ગયા પછી જ્યારે બળરામને તે વાતની જાણ થઇ ત્યારે પોતાનું અપમાન થએલું જાણી તે ઘણા જ ગુસ્સે થયા અને લઢવા સજ્જ થયા. ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે કન્યાનું પ્રદાન કરવાની આજ્ઞા શાસ્ત્રમાં કહી છે. પશુઓની માફક કન્યાઓને માલિકની અદલાબદલીની માફક ક્રિયા કરવાની નથી.

અત્રે સ્રીઓની ભરથાર પસંદ કરવાની સ્વતંત્રતા વ્યક્ત થાય છે. માટે દીકરી દેતાં માબાપે પોતાનો

સ્વાર્થ જોવો નહિ; પણ દીકરીનું જ કલ્યાણ વિચારવું. સૌભદ્રા અને અર્જુનના લગ્નથી મહાભારતના યુદ્ધમાં પ્રખ્યાત થએલો વીર અભિમન્યુ પેદા થયો કે જે નાની ઉમરમાં એકલો ચક્રવ્યુહના યુદ્ધમાં ૬ મહારથી સામે ઝુઝયો હતો. છેવટે વંશ પણ તેનાથી ચાલ્યો. એ અભિમન્યુના પુત્ર પરીક્ષિત સમ્રાટ થયા. અર્થાત્ બેનના પુત્રપૌત્રનું સુખ તેમણે જોયું.

મહાભારતનું યુદ્ધ

જેઓ શ્રીકૃષ્ણજીના જીવનનો અને તે કાળની પરિસ્થિતિનો સૂક્ષ્મ રીતે અભ્યાસ કરતા નથી તેઓ તેમને કપટી અથવા રાજ ખટપટીઆ (ડીપલોમેટીક) અને યુદ્ધપ્રિય જણાવે છે. મહાભારતના યુધ્ધ વખતે અર્જુન જ્યારે કર્તવ્યમૂઢ થઇ ગયો હતો, ત્યારે તેને તત્વ દ્રષ્ટિએ ઉત્તમ તેમજ ક્ષત્રિયની નીતિ એ ધર્મ એવો ઉપદેશ દીધો હતો. જે વચનનો વિસ્તારથી પદ્યમયી ભાષામાં વ્યાસજીએ શ્રીમદ્ભગવદ્ગીતા નામનો પ્રસિદ્ધ ગ્રંથ સંસ્કૃત ભાષામાં રચ્યો છે.

તે કાળના દેશના સંજોગો તથા પરસ્પરનું વૈમનસ્ય જોતાં કદાપિ અર્જુન યુધ્ધભૂમિ છોડી જતે તોપણ યુધ્ધ તો થવાનું જ હતું; કેમકે અરસપરસ વૈરની લાગણીરૂપ અગ્નિ ધૂમાઇ રહ્યો હતો. ઐશ્વર્ય, મદ તથા રાજ્યમદ અને રાજ્યલોભ તથા અમર્ષ(બીજાની ચઢતી નહિ સાંખી શકવી તે) જ્યાં સુધી પ્રજામાં હોય ત્યાં સુધી

યુદ્ધની પરંપરા સદા સર્વ કાળે સર્વ પ્રજામાં ચાલ્યા જ કરવાની "त्यागाच्छान्ति रनन्तरम्" રાગ મોહ અને મમત્વ જ્યાં સુધી હોય ત્યાં સુધી અશાંતિ રહેવાની અને તેના ત્યાગ પછી જ શાંતિ મળે છે.

ભગવદ્‌ગીતાનો સિદ્ધાંત

આત્મા અમર છે. જન્મ-મરણ એ તો આત્માને એક કપડું ઉતારી બીજું પહેરવા બરાબર છે. મરણ અનિવાર્ય છે. મરણ પછી જન્મ પણ અવશ્ય મળવાનો છે માટે તેનો શોક કરવો નહિ. ઈશ્વર એક જ છે અને તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી તેનો સાક્ષાત્કાર કરવો એ મનુષ્યોનું કર્તવ્ય છે. ઇશ્વરને જાણી લોકહિત માટે નિષ્કામભાવે કર્મ કરવાં. એજ ચિત્તશુધ્ધિનું કારણ છે. કર્મ કરવાનો મનુષ્યનો અધિકાર છે. ફળની પ્રાપ્તિ ઈશ્વરાધીન છે.

વેદથી યજ્ઞયાગાદિક કર્મોની પ્રવૃત્તિ થઈ છે. યજ્ઞ કર્યા વગર સ્વર્ગ મળતું નથી. ઈશ્વરે આપેલા ભોગો જે યજ્ઞ (પરોપકારમાં) ઉપયોગ કર્યા વગર ભોગવે છે તે ચોર છે.

સત્કર્મ કરવાં અને ફળની ઇચ્છા રાખવી નહિ એ જ ખરો સંન્યાસ છે, અને તે જ ખરેખરું ચિત્ત-શુદ્ધિનું કારણ છે. વળી યોગ પણ તે જ છે. યોગ વગર મોક્ષ નથી. સર્વ પ્રાણીમાત્રમાં પરમાત્માને જોવો તથા પોતાના આત્મામાં સર્વ ભૂતમાત્ર છે એમ જ્ઞાન દષ્ટિ

કરવી, એ જ નિશ્ચદર્શન છે, અને બ્રહ્મની વિભૂતિરૂપ આ જગત છે. સઘળી ઉત્તમતા તેમની જ છે. યજ્ઞ, દાન, તપ, ક્રિયા, યોગ, વેદાધ્યયન વગેરે સાધનો વડે એક બ્રહ્મ જ જીજ્ઞાસીતવ્ય છે. પંચભૂતો–પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. મન, બુદ્ધિ અને અહંકાર એ જ પ્રકૃતિના પરિણામથી જગત બન્યું છે. તે જ ઇશ્વરની વિભૂતિ છે જીવ–ચેતન જુદું છે.

મનુષ્યશરીર એ એક ક્ષેત્ર છે. તેમાં ઉપરનાં તત્વો અને બીજા ગુણોના ન્યુનાધિકોશ છે. તેમજ જીવોના કર્મોના યોગે આ દેહ બન્યો છે; તેનાથી જીવ જુદો છે. તેના યથાર્થ જ્ઞાન વડે (અનુભવથી) સંસારબંધનમાંથી છુટાય છે.

દેવી સંપદ અને આસુરી સંપદ

દંભદર્પ=ગર્વ, અભિમાન (મોટાઇ), ક્રોધ અને બીજાની નિંદા કરવાની વૃત્તિ, અજ્ઞાન એ આસુરી સંપદ છે, અને તે પ્રાણીને સદા જન્મમરણના ચક્રમાં નાંખે છે. શાસ્ત્રાધ્યયન, ઇશ્વરપ્રીતિ, ધર્માનુકૂળ વર્તન વગેરે સાધનો દૈવી સંપદ છે. દૈવી સંપદ મોક્ષપ્રદ છે.

ગીતા કર્મયોગનું શાસ્ત્ર કહેવાય છે અર્થાત્ બંધનમાં ન ફસાતાં કર્મ કરવાની આજ્ઞા આપનાર, યુક્તિ બતાવનાર ગ્રંથ છે. કર્મમાં કુશલપણું તે જ યોગ છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।

તને કર્મ કરવાનો અધિકાર છે. કર્મ ફળની આકાંક્ષા રાખનાર તું ન થા.

સંજય કહે છે કે—

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

અર્થ—જ્યાં શ્રીકૃષ્ણજી તથા અર્જુન છે, ત્યાં નિશ્ચય નીતિ તથા ધર્મ છે, અને ત્યાં જ કલ્યાણ છે.

कुर्वन्नेवेह कर्माणि जिजिविषेत् शतं समाः ।
एवंत्वयीनान्यथेतो अस्ति न कर्म लिप्यते नरे ॥

य. अ. ४० मन्त्र २.

જો સો વર્ષ તમારે જીવવું હોય તો તમે કર્મ કરજો; પણ તેમાં લુબ્ધ થશો નહિ. मा फलेषु कदाचन આ શ્રીકૃષ્ણવાક્ય અનુસરવા જેવું છે.

છેવટે આ લખાણ સમાપ્ત કરતાં નીચેના શ્લોકથી આ જ્ઞાનયજ્ઞની સમાપ્તિ કરીશું.

ब्रह्मार्पणं ब्रह्महवि र्ब्रह्माग्नौ ब्रह्मणाहुतं ।
ब्रह्मै व तेन गन्तव्यं ब्रह्मकर्म समाधिना ॥

અર્પણક્રિયા બ્રહ્માર્થે, હોમવાની વસ્તુ પણ બ્રહ્માર્થે છે અને બ્રહ્મરૂપ અગ્નિમાં જ હોમવાની, એવી બુદ્ધિવાળાનું બ્રહ્મ, એ જ ગંતવ્ય સ્થાન છે.

શ્રીકૃષ્ણ જેવું ઉજ્જવલ જીવન બનાવવા વાચકોએ પુરુષાર્થ કરવો જોઇએ. જ્ઞાનની દરેક દિશામાં પ્રવૃત્તિ કરવી. શારીરિક બળ નિર્બળોની રક્ષા માટે સંપાદન કરવું. માનસિક શક્તિનો વિકાસ સાધી પ્રચાર માટે મથવું અને આધ્યાત્મિક જ્ઞાન વડે આત્મકલ્યાણ સાધતાં જનહિત કરવા, અન્યાયનો પ્રતિકાર કરવો એ જ મહાન ધર્મ છે.



ગા. પુ. 'આર્યપ્રકાશ' પ્રેસ સ્ટેશન રોડ, આણંદમાં બાપુભાઈ
ડુ. પટેલે પ્રકાશક માટે છાપ્યું. તા. ૩ : ૮ : ૧૯૩૧.

न मां कर्माणि लिंपंति न मे कर्मफले स्पृहा।

મને કર્મ ફળની સ્પૃહા નથી. તેથી કર્મો મને લેપન કરતાં નથી.



[illegible]

अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥

ગી. અ. ૧૩. શ્લો. ૧૨.

અનાદિ [illegible] પરબ્રહ્મ એવો અકથનીય છે કે તે [illegible] સત [illegible] અસત કહી શકાતો.



[illegible]

येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि॥

જેથી આખું [illegible] સર્વ ભૂતમાત્રમાં આત્મા [illegible] [illegible].

ગી. અ. ૪. શ્લો. ૩૫.

[illegible] ગ્રંથમાળા

હવે પછી [illegible]

[illegible]

[illegible]) ૦—૮—૦

[illegible] (ભાષાંતર) ૦—૬—૦

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]